CCPS An AIChE Technology Alliance
Center for Chemical Process Safety
www.aiche.org/ccps

Process Safety Beacon
10 YEAR ANNIVERSARY

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

This issue sponsored by
ioMosaic
www.iomosaic.com

ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો

એક અકસ્માત – ત્રણ બેકન !

(અને બીજા ઘણાં હોઈ શકે છે.)

નવેમ્બર - ૨૦૧૧

જો તમે બેકનને ઘણા વર્ષોથી વાંચતા હશો તો તમે ડાબી બાજુ આપેલા ચિત્રને ઓળખી જશો ઉપરનુ ચિત્ર સુનરે, ટેક્સાસ નજીકની ઓઈલ રીફાઈનરીમાં ૧૬ ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ લાગેલ મોટી આગ દર્શાવે છે. બીજુ ચિત્ર કેટલીક નુકશાની દર્શાવે છે ત્રણ કામદારોને ઈજા થયેલી અને રીફાઈનરીને કેટલોક સમય બંધ રાખવી પડેલી. આ અકસ્માત જ ત્રણ બેકન માટેનો વિષય હતો, જેમાં ત્રણ અલગ સુરક્ષાના બોધપાઠ હતા.

ઓક્ટોબર ૨૦૦૮ : "ન વપરાતી પાઈપો બરફ ને કારણે ફાટી અને આગ લાગી"
મે ૨૦૧૦: "અગ્નિ પ્રતિરોધક સ્ટ્રક્ચરલ સપોર્ટો"
સપ્ટેમ્બર ૨૦૧૧ : "છોડી દેવાયેલાં સાધનોથી જોખમ"
આ એક જ અકસ્માતથી બીજુ ઘણુ જાણી શકાય તેમ છે તમે www.csb.gov ની વેબસાઈટ ઉપર જાઓ અને વલેરો રીફાઈનરી – પ્રોપેન અગ્નિ તપાસનો આખો રીપોર્ટ જુઓ.

ઓક્ટોબર ૨૦૦૮

મે ૨૦૧૦



સપ્ટેમ્બર ૨૦૧૧

બેકનને ૧૦ વર્ષ પુરા થયાં !

આ મહિનાથી બેકનને ૧૦ વર્ષ પુરા થયા. નવેમ્બર ૨૦૦૧ થી બેકન પ્રક્રિયા સુરક્ષાના બોધપાઠો પ્લાન્ટના કામદારો સાથે વહેંચી રહ્યુ છે આખી દુનિયામાં, સાથે સાથે દુનિયાની ઘણી બધી ભાષાઓમાં. અત્યારે તે ૨૧૦૦૦ થી વધારે ઈ-મેઈલ એડ્રેસમાં સીધુ જ પહોંચાડવામાં આવે છે. સીસીપીએસ આભાર માને છે તેના સભ્ય સંસ્થાનો, બેકનના સ્પોન્સર્સનો, બેકનની કમીટી સભ્યોનો તથા ૪૦થી વધારે ભાંષાંતરકારોનો જેમણે આ માહિતીને વહેંચવા માટે મદદ કરી અને જેથી કારખાનાઓમાં સુરક્ષામાં સુધારા થાય.

શું તમે જાણો છો ?

➔ પ્લાન્ટમાં થતા દરેક અકસ્માત અથવા નીયર મીસમાંથી એક કરતાં વધારે વસ્તુ જાણવા માટેની હોય છે.
➔ દરેક અકસ્માત પાછળ લગભગ એક કરતાં વધારે કારણો હોય છે.
➔ અકસ્માત થવામાં ઘણા બધા સહાયક કારણો હોય છે. અહીં આવા સહાયક કારણોના ઉદાહરણ આપ્યા છે : સુરક્ષા સાધનો અથવા પ્લાન્ટ બંધ કરવાની પ્રણાલીનું કામ ન કરવું, પ્રક્રિયામાં પડેલ ખલેલને કંટ્રોલ કરવાની પ્રણાલી અને પદ્ધતિમાં ઊભી થતી ખામી, કટોકટીની રીસ્પોન્સ પ્રણાલી અને પદ્ધતિમાં સર્જાતી ખામી.
➔ અકસ્માત અથવા નીયર મીસમાંથી તમે કશુ શીખી શકવાના નથી જો તેનો રીપોર્ટ કરવામાં ન આવે તો !

તમે શું કરી શકો ?

➔ અકસ્માત અને નીયર મીસને કેવી રીતે ઓળખવા અને તેનુ રીપોર્ટીંગ કેવી રીતે કરવુ તે જાણો, જેથી તેની તપાસ થઈ શકે.
➔ જો તમે અકસ્માતની તપાસમાં સામેલ હોવ તો તપાસ પૂર્ણ થાય તેવો આગ્રહ રાખો. બધા જ મૂળભુત અને વધારાના કારણોને ઓળખી કાઢો. જેનાથી તમે જેટલુ વધારે જાણી શકો તેટલુ જાણો.
➔ તમે જ્યારે અકસ્માત અહેવાલ કે બેકન વાંચો ત્યારે તેમાં રહેલા બધાં જ બોધપાઠને જાણો અને તમારા પ્લાન્ટમાં તે કઈ રીતે લાગુ પડી શકે તે અંગે વિચારો.
➔ બેકનમાં આપેલા અકસ્માત વિશે વધારે જાણો. કારણ કે અમારી પાસે વધારે જગ્યા હોતી નથી જેથી અમુક માહિતી અમારે કાઢી નાખવી પડે છે.

દરેક અકસ્માતમાંથી શકય તેટલા વધારે બોધપાઠ શિખવાનો પ્રયત્ન કરો !

AIChE © 2011. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Arabic, Afrikaans, Chinese, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Italian, Japanese, Korean, Malay, Marathi, Norwegian, Persian, Polish, Portuguese, Romanian, Russian, Spanish, Swedish, Tamil, Telugu, Thai, Turkish, and Vietnamese.